Extra No. 226
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન) અન્વયેનું.**

File No: PAN/OTH/e-file/454/2025/1353/Extra Chitnis.–જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર જા.નં. પૂ.પરીક્ષા/ ૨૦૨૫/૫૨૦૧, તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજના પત્રથી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જિલ્લાના તાલુકા મથક ખાતે જુદા-જુદા સ્થળોએ એસ.એસ.સી. તથા એચ.એસ.સી (સા.પ્ર/વિ.પ્ર) ની પૂરક પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકર ઉપયોગ કરવા ઉપર પરીક્ષાના સમય દરમ્યાન પ્રતિબંધ લાગુ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે અને તેઓ શાંતિપૂર્વક રીતે પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષાના સમયગાળા પુરતો લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયંત્રણ કરવું જરૂરી જણાય છે.

આથી, હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(એન) અન્વયે મળેલ અધિકારેની રૂએ ફરમાવુ છું કે, અત્રેના હુકમ PAN/0176/06/2025 Dt.13/06/2025 સાથેની અનુસૂચિમાં ઉલ્લેખ કરેલ એચ.એસ.સી (વિજ્ઞાન પ્રવાહ), એચ.એસ.સી (સામાન્ય પ્રવાહ) તથા એસ.એસ.સી.ના પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારોમાં આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમયગાળા દરમ્યાન રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર વગાડવા નહિં. ભૂંગળા, લાઉડ સ્પીકર રેડીયો, ઓડીયો પ્લેયર્સ જેવા ઉપકરણો અથવા ઘોઘાંટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહિં.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

**જે. જે. પટેલ,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ.

---------------------



Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:42:53 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara

Government Press & Stationery, Vadodara.